॥ तस्य वाचकः प्रणवः ॥

# ऋतम्भरा

બહુજન હિતાય·બહુજન સુખાય



'યોગ'ભિક્ષા લાવીઓ, 'ભિક્ષુ'બની ગુરુદ્વાર;
મુમુક્ષુ જરૂર પામશે, સૌનો મુજમાં ભાગ.

PRINTED BOOK

# જે ઊભા હોય તે જ સમાજને બેઠો કરી શકે

–સૌમિક વ્યાસ

"મારે સમાજને બેઠો કરવો છે" –પૂજ્યશ્રી મોટાની વૈખરીમાં વહેલું આ વાકય સંસારના પ્રત્યેક સંતપુરુષની હૃદયવાણીને અભિવ્યકત કરે છે. એક સંતના મુખેથી સરેલું આ વાકય, તા. ૨૬ જાન્યુઆરી ૧૯૮૮ના દિને પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની હૃદયવાણી ઝીલતી એક પુસ્તિકાનું શીર્ષક બનીને તેના સૂક્ષ્મતમ સ્વરૂપમાં વ્યાપક બન્યું છે.

પુસ્તિકા–વિમોચનનો એ દિવસ શ્રી ગુરુપ્રેમભિક્ષુજીના સ્વદેશાગમનથી ઓમ્ પરિવાર માટે વિશેષ મહત્ત્વનો બની રહ્યો. આધ્યાત્મિક રુચિને કારણે પૂ. શ્રી યોગભિક્ષુજીના સંપર્કમાં આવ્યા બાદ પૂજ્યશ્રી પ્રત્યેના અનન્ય પ્રેમને કારણે 'ગુરુપ્રેમભિક્ષુ'નું આધ્યાત્મિક નામાભિધાન પામેલા શ્રી વિનુભાઈ શાહ છેલ્લા નવેક વર્ષથી અમેરિકા ખાતે 'ઓમ્પરિવાર'ની પ્રવૃત્તિઓ ચલાવી રહ્યા છે. અનેક આધ્યાત્મિક જિજ્ઞાસુઓનો પૂજ્યશ્રી સાથે પરિચય કરાવી ઓમ્પરિવારના પ્રત્યક્ષ ફલકને વિકસાવવામાં શ્રી ગુરુપ્રેમભિક્ષુજીની સહૃદયતા અને સહિષ્ણુતાનો ફાળો ઘણો મોટો છે. તેમના સ્વદેશાગમનના દિવસે જ 'મારે સમાજને બેઠો કરવો છે' પુસ્તિકાની વિમોચનવિધિ એક વિરલ યોગાનુયોગ બની રહ્યો. વળી કોઈ પણ ચોકકસ પૂર્વ આયોજન વગર 'સ્વાતંત્ર્યદિને' આ પુસ્તિકા બહાર પડી એ હકીકત પણ પુસ્તિકાનું હાર્દ જોતાં ભારે પ્રતીકાત્મક જણાય છે.

પુસ્તિકાનું વિમોચન કરતાં 'વિશ્વવાત્સલ્ય'ના સહતંત્રી શ્રી મનુભાઈ પંડિતે આત્માની મુકિતની પ્રાપ્તિ માટે 'મારે સમાજને બેઠો કરવો છે' જેવી પુસ્તિકા તથા પૂજ્યશ્રી જેવા સંતની ભૂમિકા સ્પષ્ટ કરતાં કહ્યું કે—

"જે ઊભા હોય છે તે જ સમાજને બેઠો કરી શકે, કોઈ હાથ આપે તો બેઠા થવાય ને !......આજનો દિવસ પણ મુક્તિદિન છે. સ્થૂળ મુક્તિનું સ્વરાજ તો આપણે ભોગવીએ છીએ, પણ એ શારીરિક મુક્તિમાંથી આગળ જઈને આપણા ઋષિઓએ તો મનોમુક્તિની વાત કરી છે. મનની અંદર પણ અનેક જાતના વિચારોથી આપણે બંધાયેલા હોઈએ છીએ. એ નાની નાની સ્થૂળ ગાંઠો આપણા સમાજ, કુટુંબ અને જીવનની અંદર પડેલી હોય છે પણ આપણે એ ગાંઠો છોડતા નથી. એ ગાંઠો છોડાવવા માટેની, એ વિષમતા દૂર કરવા માટેની વાતોથી ભરેલી આ પુસ્તિકા છે. પુસ્તિકામાં 'આવી વિષમતા પોતાના સિવાય કોણ ટાળી શકે' એ શીર્ષક હેઠળ આચાર્ય શ્રી યોગભિક્ષુજીએ રજૂ કરેલાં અગિયાર દ્દષ્ટાંતો ગાંધીજીએ આપેલાં એકાદશ વ્રતો જેવાં છે જેનું આચરણ અનિવાર્ય લેખાશે.

(અનુસંધાન જુઓ પાન નં. ૫૮

# ઋતમ્ભરા

(ઋતમ્ભરા એટલે અનુભવયુક્ત સત્યથી ભરેલું)

(બહુજન હિતાય-બહુજન સુખાય)

અંક : ૪ | વર્ષ : ૪ | માનદ તંત્રી : નૈષધ વ્યાસ

## તંત્રીસ્થાનેથી

વાચક મિત્રો,

આ સાથે 'રુતમ્ભરા'નું ચોથું વર્ષ પૂરું થાય છે. આ ચાર વર્ષમાં ઘણું ઘણું સત્‌સાહિત્ય પીરસવામાં આવ્યું છે. આપ સૌ તરફથી આવા લોકકલ્યાણકારી સાહિત્ય વિષે ખૂબ સારો પ્રતિભાવ સાંપડ્યો છે. ઘણા બધા સંત–મહાત્માઓના, સાહિત્યકારોના, મહાનુભાવોના અનેક પત્રો અમને મળ્યા છે. આ પત્રોમાં તે સૌએ 'રુતમ્ભરા'ની મુક્ત કંઠે પ્રશંસા કરી છે; સામયિકના મુખપૃષ્ઠથી માંડીને તેમાં પિરસાતા સાહિત્ય વિષે ખૂબ સારા અભિપ્રાયો મોકલ્યા છે. અને આવા મનભાવન અભિપ્રાયોથી પ્રકાશન સમિતિના ઉત્સાહમાં ઉત્તરોત્તર વધારો થઇ રહ્યો છે.

આ ચાર વર્ષ દરમ્યાન અભિપ્રાયોની સાથે સાથે કેટલાક સૂચનો પણ મળ્યાં છે. આ સૂચનો ઉપર પ્રકાશન સમિતિએ પૂરો વિચાર કર્યો છે અને સમિતિએ નક્કી કરેલા સિદ્ધાંતોને આધીન રહીને આપના દ્વારા મળેલાં સૂચનો મુજબ ફેરફાર કરવાનો યથાયોગ્ય પ્રયત્ન પણ કર્યો છે.

ઓમ્‌પરિવારના આદ્યસંસ્થાપક અને ઓ. પ્રે. પ. ટ્રસ્ટના આધ્યાત્મિક વડા પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીનું લોકકલ્યાણકારી, બહુજનોપયોગી સાહિત્ય 'રુતમ્ભરા' દ્વારા પ્રગટ કરવું તે પ્રકાશન સમિતિનો મુખ્ય ઉદ્દેશ છે અને આ ઉદ્દેશને નજર સમક્ષ રાખી પૂજ્યશ્રીનું તાત્ત્વિક, મૌલિક સાહિત્ય પીરસવામાં આવે છે.

જિજ્ઞાસુ સાધકોના કેટલાય આધ્યાત્મિક પ્રશ્નોનું સમાધાન 'રુતમ્ભરા'માં પ્રગટ થતા સાહિત્ય દ્વારા જરૂર થશે એવી શ્રદ્ધા સહ.

છેલ્લાં ત્રણેક વર્ષથી સ્ટેશનરી, છાપકામ અને ટપાલના દરોમાં થયેલ વધારાને કારણે 'ઋતમ્ભરા'ના વાર્ષિક લવાજમના દરમાં આ વર્ષથી વધારો થઈ રહ્યો છે તેની નોંધ લેશો.

**: લવાજમના દર :**

| | | |
|---|---|---|
| વાર્ષિક સભ્ય | (ભારતમાં) | રૂા. ૧૦-૦૦ |
| આજીવન સભ્ય | ,, | રૂા. ૨૦૦-૦૦ |
| વાર્ષિક સભ્ય | (પરદેશમાં) | ૭ ડૉલર |
| આજીવન સભ્ય | ,, | ૨૦૦ ડૉલર |

# મુક્તા

## ( પાતંજલ યોગદર્શન – સમાધિપાદ )

– યોગભિક્ષુ

[પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી દ્વારા આલેખાયેલ 'મુક્તા' પુસ્તકમાંથી સાભાર]

અસંપ્રજ્ઞાત યોગની પ્રાપ્તિ માટેના ત્રણ ઉપાયો છે. (૧) ભવ પ્રત્યય (૨) ઉપાય પ્રત્યય અને (૩) ઈશ્વરપ્રણિધાન–ઈશ્વરશરણાગતિ. ઈશ્વરના શરણે જવાથી અસંપ્રજ્ઞાત યોગની પ્રાપ્તિ થાય. પરંતુ કયા ઈશ્વરના શરણે જવું તે સમજવું ખાસ જરૂરી છે. ઈશ્વર વિષેની સમજ પતંજલિમુનિ સમાધિપાદના ચોવીસથી ઓગણ-ત્રીસ સૂત્રોમાં આપી રહ્યા છે.

ગયા અંકમાં આપણે ચોવીસમું સૂત્ર સમજ્યા. ક્લેશ કર્મવિપાકાશયૈરપરામૃષ્ટઃ પુરુષવિશેષ ઈશ્વરઃ ક્લેશ, કર્મ, કર્મફળ અને વાસનાથી જે અસંબદ્ધ છે તેવું વિશેષ ચેતન તે ઈશ્વર છે. આ વાતને આપણે ખૂબ વિગતવાર ચર્ચી. હવે પછીના પચ્ચીસમા સૂત્રમાં પણ ઈશ્વર વિષેની વ્યાખ્યાને પતંજલિમુનિ આગળ વધારી રહ્યા છે. સૂત્ર છે –

### તત્ર નિરતિશયં સર્વજ્ઞબીજમ્ ॥૨૫॥

**ભાવાર્થ :** તે (ઈશ્વર)માં સંપૂર્ણ સર્વજ્ઞપણું રહેલું છે.

**વિસ્તાર :** ઉપર જે જે વિશેષતાઓ કહેવામાં આવી તદ્દઉપરાંત પણ એક વિશેષતા છે. તેમનામાં સંપૂર્ણ સર્વજ્ઞપણું રહેલું છે, જેટલું સર્વજ્ઞપણું હોઈ શકે તેટલું બધું જ. તેનાથી પછી વધુ સર્વજ્ઞ-પણું હોઈ શકે જ નહીં. તે સર્વજ્ઞ એટલે કે બધું જ જાણવાવાળા છે. આંબાની ગોટલીમાંથી આંબો જ થાય, બાવળિયો ન થાય; શુભ કર્મ કરીએ તેનું ફળ સુખ જ મળે, પાપકર્મ કરીએ તેનું ફળ દુઃખ જ મળે. આ પ્રમાણે જે થઈ રહ્યું છે તે કઈ રીતે થઈ રહ્યું છે ? ઈશ્વર સર્વજ્ઞ છે અને બધું જ જાણે છે તેથી. તે બધું જ કઇ રીતે જાણે છે ? ઈશ્વર સર્વજ્ઞ છે અને સંપૂર્ણ જાણકાર છે. ત્રિકાળમાં પણ જે કાંઇ થઇ રહ્યું છે તે બધાની તેમને ખબર પડી જાય છે. ઈશ્વર સર્વજ્ઞ શેનાથી છે ? સર્વવ્યાપકપણાથી. ઈશ્વર સર્વવ્યાપક છે તેથી તે સર્વજ્ઞ છે. ઈશ્વર બધી જ જગ્યાએ છે, સર્વવ્યાપક છે, એકેએક જગ્યામાં તે રહેલો છે અને તેથી જ્યાં પણ, જે કાંઈ પણ થઇ રહ્યું છે તે જાણી શકે છે. પરંતુ ઈશ્વરની સર્વવ્યાપકતા શાના કારણે છે ?

કારણકે – પરમાત્મા અત્યંત સૂક્ષ્મ છે; બ્રહ્માંડનો કોઈપણ પદાર્થ પરમાત્મા જેટલો સૂક્ષ્મ નથી. પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ ક્રમશઃ એકબીજાથી વધુ સૂક્ષ્મ છે. આ પાંચેય તત્ત્વોમાં આકાશ વધુ સૂક્ષ્મ છે. આ કારણે જ એનો વિસ્તાર પણ વધુ છે. એક શેર પાણીના જથ્થાનો વિસ્તાર બહુ જ મર્યાદિત હોય છે પરંતુ જ્યારે તે વરાળના સ્વરૂપમાં ફેરવાઈને સૂક્ષ્મ બને છે ત્યારે તેનો વિસ્તાર, તેનું કદ ઘણું વધી જાય છે. **પદાર્થ જેટલો વધુ સૂક્ષ્મ તેટલો તેનો વિસ્તાર વધુ, તેટલી તેની શક્તિ વધુ. આધુનિક વિજ્ઞાન પણ આ વાતનું સમર્થન કરે છે.**

**તો પરમાત્મા કલ્પનાતીત–વર્ણનાતીત સૂક્ષ્મ છે અને તેથી તેમનો વિસ્તાર-વ્યાપ પણ કલ્પનાતીત છે. આ કારણે જ ઇશ્વરને–પરમાત્માને સર્વવ્યાપક કહેવામાં આવે છે.** તેમની આ સર્વવ્યાપકતાના કારણે જ તે સર્વજ્ઞ છે. તે બધે જ છે તેથી જ્યાં સારું–ખોટું ઈત્યાદિ થઈ રહ્યું છે તે બધું જ તે જાણે છે. કહ્યું છે કે –

ભોંયમાં પેસી ભોંયરે, કરીએ છાનું પાપ;
તે પણ જગકર્તા વિના, છાનું ન રહે આપ.

પૃથ્વીમાં પેસીને, કે આકાશમાં જઈને, કે સમુદ્રમાં છુપાઈને ગમે ત્યાં ગમે તે રીતે ગમે તેટલી હોંશિયારીથી આપણે પાપ કરીએ કે પુણ્ય કરીએ, જાણતાં કરીએ કે અજાણતાં કરીએ, તે બધાં કર્મોનાં ફળો આપણને તે રીતે મળે છે. તે શેનાથી મળી શકે છે ? ઈશ્વર સર્વવ્યાપક છે તેથી. આપણે પાતાળમાં પેસી જઈએ

અને ખોટું કે સાચું કર્મ કરીએ તો તેની ઈશ્વરને ખબર પડી જાય છે કેમકે તે સર્વવ્યાપક છે. તે પાતાળમાં છે અને મંદિરમાં પણ છે, ગામમાં પણ છે અને જંગલમાં પણ છે. સર્વવ્યાપક છે એટલે એકેએક જગ્યાએ છે. એટલે જ્યાં જ્યાં જે-જે કાંઈ થાય તેની તેને ખબર પડે છે અને તેથી સારાં કર્મોનું સારું ફળ અને ખોટાં કર્મોનું ખોટું ફળ તેમના દ્વારા મળ્યે જાય છે.

ઈશ્વર સર્વવ્યાપક છે તેથી સર્વજ્ઞ છે અને સર્વજ્ઞ છે તેથી તેમને બધી ખબર પડી જાય છે. તેથી જેવા પ્રકારનાં કર્મો તેવાં ફળ આપ્યે જાય છે. આંબો વાવીએ તો તેવું ફળ મળે, બાવળિયો વાવીએ તો તેવું ફળ મળે, જુવાર વાવીએ તો જુવાર મળે, બાજરો વાવીએ તો બાજરો મળે. કોઈને સત્કાર આપીએ તો સત્કાર મળે, કોઈનો તિરસ્કાર કરીએ તો આપણો તિરસ્કાર થાય. કોઈની નિંદા કે પ્રશંસા કરીએ તો આપણી નિંદા કે પ્રશંસા થાય. આમ જે કાંઈ કરીએ કે આચરીએ તેવું ફળ મળ્યા કરે.

ઈશ્વર બધું જ જાણનારા છે કારણ કે તે સર્વ-વ્યાપક છે અને તેથી જ કર્મ મુજબનાં યથાયોગ્ય ફળ સૌને મળ્યે જાય છે. સર્વજ્ઞપણાની આ એક તેમની વિશેષતા થઈ. જે કોઈ પોતાને ઈશ્વર કહેવડાવે છે તેમનામાં આવું સર્વજ્ઞપણું છે ? આ સૂત્રના આધારે તે તપાસવું જોઈએ. આપણે આ ચકાસણી કરવી જોઈએ કે હાલમાં જે કોઈ ઈશ્વર હોય, પોતાને ઈશ્વર કહેવડાવતા હોય તો તેમનામાં સર્વજ્ઞપણું છે? આપણા ખિસ્સામાં શું છે તે પણ કહી ન શકે તો આપણા હૃદયમાં શું છે કે પાંચ વર્ષ પહેલાં આપણે શું કર્યું હતું કે સાંજે શું થવાનું છે તે બધું તો તે કહેવાતા ઈશ્વર કહી જ ક્યાંથી શકે? આટલું પણ તેમનામાં સર્વજ્ઞપણું નથી તો સંપૂર્ણ સર્વજ્ઞપણું તો ક્યાંથી હોય ? યોગીઓમાં પણ યોગના **અભ્યાસથી આંશિક સર્વજ્ઞપણું આવે છે. તે સર્વજ્ઞપણું ઇશ્વરમાં છે તેટલું સંપૂર્ણ નથી.**

તો, આમ આ સર્વજ્ઞપણાની વાત કરી. તેમનામાં આ સિવાય બીજું કાંઈ છે ? હા, હજુ પણ તેમના વિષે વધુ ઓળખ અને વધુ પરિચય પતંજલિમુનિ આપી રહ્યા છે. તે કઈ ઓળખ ?

**પૂર્વેષામપિ ગુરુઃ કાલેનાનવચ્છેદાત્ ॥૨૬॥**

**ભાવાર્થ :** (ઇશ્વર) પૂર્વકાળના ગુરુઓના પણ ગુરુ છે અને કાળથી છેદી–ભેદી શકાતા નથી.

**વિસ્તાર :** તે ઈશ્વર સર્વેના ગુરુ છે. પૂર્વકાળમાં જે જે ગુરુજનો થઈ ગયા તેમના પણ તે ગુરુ છે, હાલમાં જે જે ગુરુજનો છે તેમના પણ તે ગુરુ છે અને હવે પછી થનારા તમામ ગુરુઓના પણ તે ગુરુ છે. એટલે કે ત્રિકાલીન ગુરુઓના પણ તે ગુરુ છે.

"કાલેનાનવચ્છેદાત્" – કાળથી તેમને છેદી–ભેદી શકાતા નથી. એટલે કે કાળ દ્વારા તેમનો નાશ થઈ શકતો નથી. તે ઇશ્વરગુરુને કે જે ત્રિકાલીન ગુરુઓના પણ ગુરુ છે તેમને કાળ છેદી–ભેદી શકતો નથી. કાળ તેમનું કાંઈ જ બગાડી શકતો નથી. જ્યારે પંચમહા-ભૂતનું શરીર ધારણ કર્યું છે એવા ગુરુઓને, જે દેહધારી છે એવા ગુરુઓને તો કાળ છેદી–ભેદી નાખે છે; પછી ભલેને "અવતારી" શરીર હોય. એટલે કે શરીરધારી ગુરુઓનું મૃત્યુ થાય છે અને તે કાળથી પરિણામને પામે છે, કાળથી તેમનું છેદન–ભેદન થઈ શકે છે. પરંતુ ઉપર જે ઇશ્વરનું વર્ણન આવ્યું તે કાળને ખાઈ જનારા છે. ઈશ્વર વિષેની આ પણ એક સુંદર વ્યાખ્યા આવી. જે પોતાને ઇશ્વર ગણાવે છે તે કાળને ખાઈ જઈ શકે છે કે કાળ તેમને ખાઈ જાય છે ?!

તો, યોગદર્શનમાં પતંજલિમુનિએ ઈશ્વરની ઓળખ આપતાં કહ્યું કે ક્લેશ, કર્મ, કર્મફળ અને વાસનાથી જે અસંબદ્ધ છે તેવું વિશેષ ચેતન તે ઈશ્વર છે. ઇશ્વર સર્વવ્યાપક છે અને તેથી તેમનામાં સંપૂર્ણ સર્વજ્ઞપણું રહેલું છે. ઈશ્વર ત્રિકાલીન ગુરુઓના પણ ગુરુ છે. ઇશ્વરને કાળથી છેદી–ભેદી શકાતા નથી પણ તે કાળને ખાઈ જનારા છે.

હવે પછીનું સૂત્ર કે જેમાં ઈશ્વરના નામનો ઉલ્લેખ છે તે સમજીએ એ પહેલાં ઈશ્વર વિષેની ઉપરની વ્યાખ્યાનું ખૂબ ચિંતન કરીએ જેથી પોતાને ઈશ્વર કહેવડાવનારાઓ સાચે સાચ ઇશ્વર છે કે નહીં તેની સારી રીતે ખાતરી કરી શકાય; ઈશ્વરના સાચા સ્વરૂપને જાણી–સમજી શકાય અને તેવા ઇશ્વરને શરણે જઈ અસંપ્રજ્ઞાત યોગની પ્રાપ્તિ કરી શકાય.

[ ક્રમશઃ ]

# સદ્‌ગુરુના પરિચય વિના ચારો વર્ણું ચમાર

સંકલન : નૈષધ વ્યાસ

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી થોડો સમય ડૉ. શ્રી સદ્‌ગુરુસમર્પણભિક્ષુજીના નિવાસસ્થાને રોકાયેલા. લગભગ પંદરેક દિવસનું રોકાણ થયું. તેમના આ રોકાણ દરમ્યાન ડૉ. ભિક્ષુજી તથા તેમના કુટુંબ–પરિવારે પૂજ્યશ્રીની ખૂબ સેવા કરી. પંદરેક દિવસ બાદ પૂજ્યશ્રી 'ધર્મમેઘ' (પૂજ્યશ્રીનું નિવાસસ્થાન)માં પાછા આવ્યા. તે જ દિવસે હું તેમના દર્શને ગયો ત્યારે પૂજ્યશ્રીએ મને કહ્યું –

"આજે ડૉક્ટર સાહેબ અને તેમના પરિવારને ખૂબ સૂનું સૂનું લાગતું હશે. આ પંદર દિવસમાં તેમણે સૌએ અમારી ખૂબ સેવા કરી છે. સવારે ડૉક્ટર અને સાંજે કાંતિભાઈ (ડૉક્ટરના નાના ભાઈ કે જેઓ સર્જન છે) ખડે પગે અમારી સેવામાં હાજર રહેતા. પહેલા એક–બે દિવસમાં જ અમારી દિનચર્યાથી તેઓ પરિચિત થઈ ગયા. ત્યારબાદ અમારે જે જે સમયે જે જે વસ્તુઓ જોઈતી હોય તેના માટે મારે તેમને કહેવું પણ ન પડે, કે તે વસ્તુ મારે જાતે લેવાનો વખત પણ ન આવે. દરેકે દરેક વસ્તુ નિયત સમયે હાજર કરી દેતા. આ બધું જોઈને અમને થયું કે દ્રોણાચાર્ય જ્યારે કૌરવો અને પાંડવોને શિખવાડતા હતા ત્યારે સૌ કૌરવો દ્રોણાચાર્યની પાસે બેસતા અને પાંડવો તેમનાથી ઘણે દૂર બેસતા, પરંતુ પાંડવોએ તેમની ગુરુનિષ્ઠા, તેમના ઉત્સાહ અને ધગશથી કૌરવોથી પણ વધુ પ્રાપ્ત કર્યું. તેવી જ રીતે અમારી આજુબાજુમાં જ રહેનારા અને ઘણા સમયથી નિયમિત અમારી પાસે આવનારાઓએ જે કાંઇ મેળવ્યું તેનાથી ઘણું વધારે આ દૂર રહેનારાઓએ મેળવ્યું.

"સતત પંદર દિવસ તેમણે સૌએ અમારી ખૂબ સેવા કરી. ગુરુપૂર્ણિમા નજીક આવતી હોવાથી અને તે કાર્યક્રમ અંગેની તૈયારી કરવાની હોવાથી અમે તેમને ત્રણ–ચાર દિવસ પહેલાં ત્યાંથી નીકળી જવાની વાત કરી હતી, પરંતુ તેમણે તા. ૫–૭–૮૭ને રવિવારના રોજ સ્વાધ્યાય–સત્સંગ મિલનનો કાર્યક્રમ ગોઠવવા માટે અમારી આજ્ઞા માગી. અમે હર્ષપૂર્વક તે કાર્યક્રમ ગોઠવવાની મંજૂરી આપી એટલે તેમણે સૌએ અમને સ્વાધ્યાયના કાર્યક્રમ સુધી ત્યાં રોકાઈ જવાની વિનંતી કરી. આમ તેમની વિનંતીને માન આપીને અમે ત્યાં રોકાઈ ગયા. ગઈકાલે સ્વાધ્યાયનો કાર્યક્રમ પત્યો અને આજે બપોરે જ અહીં પાછા આવ્યા."

પૂજ્યશ્રીએ આટલી વાત કરી એટલે હું ડૉ. ભિક્ષુજી અને તેમના પરિવારે કરેલી પૂજ્યશ્રીની અનહદ સેવા વિષે વિચાર કરવા લાગ્યો. આમ તો હું પૂજ્યશ્રીની નજીકમાં જ રહું છું અને લગભગ દરરોજ પૂજ્યશ્રી પાસે બેસવાનો નિયમ છે, પરંતુ અઠવાડિયામાં બે વખત આવતા ડૉ. ભિક્ષુજી અને પંદરેક દિવસે એક વખત આવતા શ્રી કાંતિભાઈની ગુરુનિષ્ઠા અને તેમની સેવા–ભાવના વિષે પૂજ્યશ્રીના સ્વમુખે સાંભળ્યું ત્યારે એ મહાપુરુષોને હું મનોમન નમી રહ્યો. આ પ્રસંગ સાંભળીને ગુરુનિષ્ઠા વિષેના મારા મનમાં ચાલતા વિચારો વધુ દૃઢ થયા. મને ચોક્કસપણે એમ લાગે છે કે **સમજ વગરની અને દેખાદેખીથી ઉદ્‌ભવેલી ગુરુનિષ્ઠા એ કોઈ વખત અંધશ્રદ્ધામાં પરિણમે છે, જ્યારે સમજપૂર્વકની ગુરુનિષ્ઠા ઉત્તરોત્તર દૃઢ જ થતી જાય છે અને તે એટલી દૃઢ થઈ જાય છે કે 'લઘુ' ને 'ગુરુ' બનાવી દે છે.**

ડૉ. ભિક્ષુજી અને તેમના પરિવાર વિષેની આટલી વાતો કરી તેનું કારણ એટલું જ કે આવા પ્રસંગો જાણી–સાંભળીને આપણે પણ તેમાંથી પ્રેરણા મેળવીએ. અને આ વાતો દ્વારા ગુરુપ્રેમીઓ પણ ડૉ. સદ્‌ગુરુ–સમર્પણભિક્ષુજીથી પરિચિત થાય.

હવે ડૉ. ભિક્ષુજીના નિવાસસ્થાને તા. ૫–૭–૮૭ ને રવિવારના રોજ ઊજવાયેલ 'સ્વાધ્યાય–સત્સંગ મિલન' કાર્યક્રમનો અહેવાલ રજૂ કરીશું.

સાંજે લગભગ સાડા પાંચ વાગે સ્વાધ્યાયની શરૂઆત પ્રણવ જપ મહાત્મ્ય–પ્રણવઅષ્ટક–ગુરુઅષ્ટકથી થઈ ત્યાર બાદ ગુરુમહિમા અને સદ્ગુરુની આરતી ગાવામાં આવી. આરતી વખતે ડૉ. ભિક્ષુજી અને તેમના પરિવારના સભ્યોએ પૂજ્યશ્રીની આરતી ઉતારી. આરતી સમયે પૂજ્યશ્રીની એક વિશિષ્ટ લાક્ષણિકતાનો અનુભવ થાય છે. જ્યારે પૂજ્યશ્રીના ભક્ત પૂજ્યશ્રીની આરતી ઉતારે ત્યારે પૂજ્યશ્રી પોતાના ખોળામાં ઓમ્ ભગવાનનો ફોટો રાખે છે; જાણે એવો ગર્ભિત નિર્દેશ ન કરતા હોય કે આરતી તો આ સ્થૂળ શરીરમાં રહેલા ચૈતન્ય તત્ત્વની ઉતારવાની છે. આરતી બાદ કેટલીક જય બોલાવી. ત્યાર બાદ પૂજ્યશ્રીએ રચેલ એક ભજન–ગુરુને પારકા ન માનો, માનો પોતાના; ગુરુને પારકા ન માનો, ગુરુ પોતે છો. – ગાવામાં આવ્યું. ત્યાર બાદ દીર્ઘ પ્રણવોચ્ચાર અને થોડા સંસ્કૃત શ્લોકો તથા ગુરુગીતાના કેટલાક નિયત કરેલા શ્લોકો બોલવામાં આવ્યા, શ્લોકોનો ગુજરાતી અર્થ એક ભાઈ બોલી ગયા. ત્યાર બાદ સૌ સંગીતમય ગાયત્રી મંત્ર, સંકટમોચન મંત્ર તથા કલ્યાણ મંત્રની ધૂન બોલ્યા. ધૂન બાદ થોડા સમય માટે સૌએ ધ્યાન કર્યું. પ્રણવ-વંદનાથી શરૂ કરી ધ્યાન સુધીનો આ સ્વાધ્યાય ઓમ્-પરિવારના લગભગ દરેક કાર્યક્રમમાં થતો હોય છે. આ સ્વાધ્યાયની ગોઠવણી એટલે પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની વર્ષોની સાધનાનો, વર્ષોના અનુભવોનો નિચોડ.

સ્વાધ્યાય બાદ પ્રવચનની શરૂઆત પણ સ્વાધ્યાય-મહિમાથી જ કરી –

## સ્વાધ્યાય-મહિમા

"સર્વેને જય નારાયણ, જય ઓમ્ ગુરુદેવ. સરસ-સુંદર સ્વાધ્યાય થયો. હવે થોડો સત્સંગ કરીશું.

"સ્વાધ્યાય... સ્વ નો અધ્યાય. સ્વ કોણ છે ? આપણને સૌને ખબર છે કે આ શરીર એ સ્વ નથી. નાક, કાન, આંખ, શરીર, ઈન્દ્રિયો, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ કાંઈ જ સ્વ નથી. સ્વ ના કારણે એ બધું ગતિમાન છે; તો એ સ્વ છે અને એનો અધ્યાય કરવાનો છે.

"તો જેટલો કાંઈ સ્વાધ્યાય આપણે ગોઠવેલો છે તેની ગોઠવણી પાછળ અમારી વર્ષોની સાધના અને વર્ષોનો અનુભવ છે કોઈપણ પ્રકારની અગવડમાં કે અશાંતિમાં મનુષ્ય જો એ સ્વાધ્યાયનો પાઠ અથથી ઇતિ સુધી કરી જાય તો એને એનું ફળ જરૂર મળે છે; એના મનમાં શાંતિ પ્રસ્થાપિત થાય છે; એની અગવડો દૂર થાય છે. એ રીતે સ્વાધ્યાયની ગોઠવણી કરેલી છે.

"આ વાત આપણે ક્યારેક ક્યારેક કરીએ છીએ કે સ્વાધ્યાયની ગોઠવણી પાછળ વર્ષોની સાધનાનો નિચોડ છે. કયો મંત્ર કેવી રીતે બોલવો ? કઈ પ્રાર્થના કઈ રીતે બોલવી ? એનાથી થતા પ્રાણાયામ દ્વારા શરીર ઉપર, મન ઉપર, વ્યષ્ટિ ઉપર, સમષ્ટિ ઉપર કઈ પ્રકારની અસર થાય ? અને કઈ રીતે આપણને પરમ-સત્તા તરફથી મદદ આવી મળે એનો યથાશક્તિ વિચાર કરી એને એમાં ગોઠવી દેવામાં આવ્યો છે. અને તેથી જ આપણા દરેક કાર્યમાં આપણે સ્વાધ્યાયને ગોઠવીએ છીએ.

"સમાજમાં રહીએ છીએ તો સારા–માઠા પ્રસંગો તો આવવાના જ. પરંતુ એ સારા–માઠા દરેક પ્રસંગે આપણા ઓમ્‌પરિવારનાં ભાઈ–બહેનો સ્વાધ્યાય કરે છે. કેમકે એ સ્વાધ્યાયમાં બધું જ ગોઠવી દેવામાં આવ્યું છે. છતાંય કાંખમાં છોકરું હોય અને આપણે બહાર દોડાદોડી કરીએ તો આપણાં ભાગ્ય ! અભાગિયા જો તોય ન જાગે તો દોષ ન દેશો અમને રામ. ઓમ્ ગુરુને પારકા ન માનો, માનો પોતાના; ગુરુને પારકા ન માનો, ગુરુ પોતે છો."

## ગુરુ–સમાગમની મહત્તા

"સાત–આઠ વર્ષ પહેલાં પલિયડમાં નવ દિવસની ગાયત્રી–અનુષ્ઠાન સાધના–શિબિર કરેલી. એ અનુસંધાનમાં ઉપરોક્ત ભજન બનાવેલું; કે ગુરુને પારકા ન

માનો, એમને પોતાના માનો. જેમ તમારા ફેમિલી ડૉક્ટર હોય છે, ફેમિલી સલાહકાર હોય છે તેમ તમારા ગુરુને પોતાના માનો, ફેમિલીના માનો. પિતાને, પુત્રને, માતાને, મિત્રોને વગેરે બધાને જેમ પોતાના માનીએ છીએ તેમ ગુરુને પણ પોતાના માનો. જો ગુરુને પોતાના માનશો તો એમની નજીક રહેશો; અને એમની નજીક રહેશો તો ગુરુમાં જે ગુરુત્વ છે એની પ્રાપ્તિ થશે, સાચી સમજણની પ્રાપ્તિ થશે.

"બારે મહિના અને ચોવીસે કલાક આપણે પ્રપંચમાં ને વહેવારમાં જ રચ્યાપચ્યા રહીએ છીએ. આપણા સૂક્ષ્મ શરીર ઉપર એ પ્રપંચ અને વહેવારનું જે પડ ચડી જાય છે તેને હટાવવા માટે ગુરુ-સંતોના સંપર્કની સતત જરૂરત છે. તેથી ગુરુને પારકા ન માનો, માનો પોતાના. ગુરુસંતોને તમારી કાયા સુપ્રત કરી દો, તમારું કુટુંબ સુપ્રત કરી દો; જેને આપણે પોતાના માનીએ છીએ એમનાથી કોઈ ભેદ રાખીએ છીએ ? આપણું જે કાંઈ હોય એ એમનું જ. ભજનની લીટી છે – ગુરુને પારકા ન માનો, માનો પોતાના. આમ ગુરુને પોતાના માનીએ તો એક દિવસ એવો આવે કે 'ગુરુ પોતે છો' એ લીટી સાર્થક થઈ જાય.

"આપણે જાણીએ છીએ કે પારસમણીના સ્પર્શથી લોઢું કંચન થઈ જાય છે. પરંતુ શાસ્ત્રોએ ગુરુસંતોને કેવી ઉપમા આપી ? ગુરુસંતોને પારસમણીથી અધિક ગણાવ્યા. કારણકે પારસમણી તો લોઢાને કેવળ સોનું જ બનાવે છે; પારસમણી લોઢાને પારસ નથી બનાવતું. પરંતુ ગુરુસંતો તો પોતાના સંપર્કમાં આવનારને, પોતાના પ્રેમીઓને ગુરુ બનાવી દે છે. ગુરુસંતો પાસેથી કિમતીમાં કિમતી જો કાંઈ લેવાનું હોય તો તે સાચી સમજણ.

મોટા મોટાઈમાં ગયા, જેના રોમરોમ અહંકાર;
સદ્દગુરુના પરિચય વિના, ચારો વર્ણ ચમાર.

"કબીરજી, સંતો, અનુભવીઓ શું કહે છે ? સદ્દગુરુના પરિચય વિના ચારો વર્ણ ચમાર. અહીં બીજો કોઈ શબ્દ ન વાપર્યો પણ ચમાર શબ્દ વાપર્યો. ચાહે બ્રાહ્મણ હોય, કે ચાહે વૈશ્ય હોય, કે ચાહે ક્ષત્રિય હોય, કે ચાહે શુદ્ર હોય, કે ચાહે જે હોય તે; પણ સદ્દગુરુના પરિચય વિના ચારો વર્ણ ચમાર; ચમાર એટલે ? જેની વૃત્તિ – જેની દૃષ્ટિ ચામડીમાં હોય ચામડીમાં – ચામડી ક્યાં હોય ? શરીર ઉપર. એટલે કે જેની દૃષ્ટિ શરીર ઉપર હોય – ચામડી કેવી છે ? ગોરી છે – કાળી છે ? નાક કેવું છે? ઊંચું છે – નીચું છે ? રૂપાળી છે – કરૂપી છે ? – એ બધું જોવે. ચમાર એટલે મરેલા ઢોરને લઈ જાય અને એની ચામડી ઉતારે, એટલો જ અર્થ નથી આ જગ્યાએ. આ જગ્યાએ તો જેની જેની આવી દૃષ્ટિ છે, જે ચામડીને જોવે છે, જે શરીરને જોવે છે પણ શરીરની અંદર જે અતિ મૂલ્યવાન – અતિ અલૌકિક ચૈતન્ય-તત્ત્વ છે એને જોઈ શકતો નથી એ અને એના જેવા બીજા બધા જ ચમાર સમાન છે. ચાહે ચારે વર્ણમાંથી કોઈ પણ વર્ણના હોય પણ એ ચમાર છે. ચમાર શાના કારણે છે ? સદ્દગુરુના પરિચય વિના. સદ્દગુરુને ઓળખ્યા નહીં અને ઓળખ્યા પછી એમના પરિચયમાં રહ્યા નહીં. તેથી મનુષ્ય-જન્મ પ્રાપ્ત કરી અને જે કાંઈ પ્રાપ્ત કરવાનું હતું તે કરી શક્યા નહીં; ચામડીમાં જ દૃષ્ટિ રહી ગઈ, શરીરમાં જ વૃત્તિ ચોંટી રહી, ભૌતિક સંપત્તિમાં જ રાચ્યા કર્યા. જે મેળવવાનું હતું તે રહી ગયું, બુઢાપો આવી ગયો, જવાની (મરવાની) તૈયારી થઈ ગઈ તોય ચમાર ને ચમાર રહ્યા. મોટા મોટાઈમાં ગયા, રોમરોમ અહંકાર; સદ્દગુરુના પરિચય વિના, ચારો વર્ણ ચમાર.

આવું જ સુંદર એક બ્રહ્માનંદજીનું ભજન છે જેની બે લીટી નીચે મુજબ છે –

ગુરુકે ઉપદેશ-પ્રમાણબસે,
        જિસને અપને ઘટ ભીતર મેં;
બ્રહ્માનંદ સ્વરૂપકો જાન લિયા,
        ઉસને સાધન-યોગ કિયા ન કિયા

"લીટી તો માત્ર બે જ છે પણ એમાં કેવું અને કેટલું ભરી દીધું છે ? ગાગરમાં સાગર ભરી દીધો છે.

ગુરુનો ઉપદેશ-સમાગમ શું શું કરી શકે છે એ વાત અમે કરનાળી રહ્યા ત્યારે છેલ્લા છેલ્લા દિવસોમાં થયેલી. અમારી સાથે થોડા પ્રેમીઓ–ભક્તો પણ કર-નાળીમાં રોકાયા હતા. અમે તેમને કહેતા કે તમે સૌ મહાભાગ્યવાન છો કે તમને તમારા ગુરુનો ઉપદેશ અને સમાગમ બંને મળ્યા છે. ગુરુકે ઉપદેશ સમાગમસે – અહીં ઉપદેશ અને સમાગમ બે શબ્દો છે. ગુરુનો ઉપદેશ પ્રાપ્ત કરવો બહુ કઠિન છે. કદાચ ઉપદેશ પ્રાપ્ત થઈ જાય પરંતુ ઉપદેશ પ્રાપ્ત થયા પછી પણ એમનો સમાગમ પ્રાપ્ત નથી થતો. અત્યારે તમે સૌ અમારા સમાગમમાં છો. ઉપદેશ તો પ્રાપ્ત થાય; તમારા ઘરે બેઠાબેઠા અમારા ગ્રંથોનું વાંચન કરો તો એમાંથી ઉપદેશ મળે, એમનો જે સમાગમ (!) – એ કેવી રીતે બોલે છે, કેવી રીતે જમે છે, કેવી રીતે વાતચીત કરે છે ? સવારથી સાંજ સુધી એ અભ્યાસ કરવાનો જે મોકો આપણને મળે એનું નામ સમાગમ છે.

"અમે કોઈ સંતની આત્મકથાનું પુસ્તક વાંચતા હોઈએ અને ત્રણ–ચાર દિવસ વાંચીએ ત્યાં તો એમનાં સપનાં આવવાનાં શરૂ થઈ જાય. તમે તમારા ગુરુ-સંતના સમાગમમાં રહો છો તો તમને એ સપનામાં આવે છે ? આપણે કેટલા એમનામય થયા છીએ ! ? તો, એમનામય થવા માટે સમાગમ એક અમોઘ ઉપાય છે. આપણને એમનો સમાગમ પ્રાપ્ત થાય ત્યારે આપણે એમને આંખથી અનુભવીએ, કાનથી અનુભવીએ, નાકથી અનુભવીએ, હાથથી અનુભવીએ, સ્પર્શથી અનુભવીએ, બધી રીતે અનુભવી શકીએ. સમાગમ મહામૂલ્યવાન છે. અનંત વર્ષોના ઉપદેશ કરતાં એક અઠવાડિયાનો સમાગમ ઘણું ફળ આપે છે. આપણે જે ગુરુમહિમા બોલ્યા તેમાં ગુરુ–સંતોને આંગણામાં બોલાવવાની વાત આવે છે; તેની પાછળનું રહસ્ય શું છે ? અમુક અમુક ઉત્સવ–પ્રસંગો થાય છે. ત્યારે સૌ સાથે મળીએ છીએ, ગુરુ–સંતનાં દર્શનનો લાભ લઈએ છીએ. એ બધાનું રહસ્ય શું છે? એ બધું ગોઠવવા પાછળનું રહસ્ય એ છે કે કઈ રીતે એમનો સમાગમ વધુમાં વધુ મળે.

"એમની બોલેલી વાતો પુસ્તકમાંથી આપણને વાંચવા મળે; તો એ એમનો ઉપદેશ છે. ઉપદેશ એ પણ અક્ષરદેહ છે પરંતુ આપણે વધુ પડતા ઇન્દ્રિયમય છીએ. ઇન્દ્રિયો દ્વારા આપણને જે અનુભવ થાય છે એની આપણા ઉપર બહુ ઝડપથી સફળ અસર થાય છે તેથી ગુરુ-સંતોને એમના શરીરધારી રૂપમાં વધુ જોવાનો અને એમની સેવાનો આપણને મોકો મળે છે ત્યારે એની અમીટ છાપ આપણા હૃદય ઉપર પડે છે. તેથી બ્રહ્માનંદજી જેવા અનુભવીએ ગાયું કે ગુરુ કે ઉપદેશ-સમાગમસે, જિસને અપને ઘટ ભીતરમેં; બ્રહ્માનંદ સ્વરૂપકો જાન લિયા, ઉસને સાધન–યોગ કિયા ન કિયા.

"સાધના શા માટે કરવાની છે ? યોગ શા માટે કરવાનો છે ? બ્રહ્માનંદની પ્રાપ્તિ માટે. બ્રહ્માનંદના અનુભવ માટે, બ્રહ્માનંદને ઓળખવા માટે. સાધના અને યોગ સિવાય પણ જો બ્રહ્માનંદની પ્રાપ્તિ થઈ જતી હોય તો ? તો પછી સાધના અને યોગની શું જરૂરત છે ! ? તો બ્રહ્માનંદજી કહી રહ્યા છે કે, ગુરુકે ઉપદેશ-સમાગમસે, જિસને અપને ઘટ ભીતરમેં... બ્રહ્માનંદનું સ્વરૂપ કેવું છે ? સત્યમ્ શિવમ્ સુંદરમ્. એ સ્વરૂપને બહારથી નહીં પણ અપને ઘટ ભીતરમેં – પોતાના શરીરની અંદર જ, પોતાના હૃદયમાં જ જાણી લેવાનું છે; કેવી રીતે ? ગુરુકે ઉપદેશ-સમાગમસે. જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે એમનો ઉપદેશ સાંભળતા રહ્યા, જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે એમનો સમાગમ કરતા રહ્યા.

"આ અત્યારે અમે જે કાંઈ બોલી રહ્યા છીએ એ ટેપ થઈ રહ્યું છે અને તમે સૌ સાંભળી રહ્યા છો. અમે બોલી રહ્યા છીએ ત્યારે અમારો હાથ આમ (પૂજ્યશ્રી ઇશારા વડે સમજાવી રહ્યા છે) થાય છે અને ક્યારેક અમારો હાથ આમ થાય છે; ઉચ્ચારને અનુરૂપ અમારા સંકેતો થાય છે. અમારે જે કાંઈ કહેવાનું છે એને તમે વધુમાં વધુ સમજી શકો, વધુમાં વધુ અમે

એને વ્યક્ત કરી શકીએ એના માટે અમારા હાથ-પગના, મોઢાના અમુક પ્રકારના સંકેતો કુદરતી રીતે થયે જાય છે અને એ તમે સૌ જોઈ રહ્યા છો. એ એક વાત. હવે બીજી વાત. આ પ્રવચન ટેપ થઈ રહ્યું છે એ ટેપ થઈ ગયા પછી એને ઘેર લઈ જઈને કોઈ સાંભળે તો એને સાંભળવા મળે પણ જે આ સંકેતો થઈ રહ્યા છે તે એને જોવા ન મળે. અહીં હાજર રહેલ વ્યક્તિ ટેપને ઘેર લઈ જઈને સાંભળે તો એ વખતે એને યાદ આવે કે અમુક શબ્દ બોલતી વખતે અમારો હાથ આમ થતો'તો ને અમુક શબ્દ બોલતી વખતે અમારું મોઢું આમ થતું'તું પરંતુ અત્યારે જે હાજર નથી એ આ ટેપ સાંભળે તો એમને વાણી જ સાંભળવા મળે, અમારા હાવભાવ જોવા ન મળે તેથી ફક્ત સાંભળવાની અસર થોડી ઓછી થાય. આ ટેપમાંથી પ્રવચન ઉતારી લેવામાં આવે અને પુસ્તક છપાવવામાં આવે તો, પુસ્તક વાંચનારને અમારા એ હાવભાવ જોવા ન મળે, કે કયા શબ્દ ઉપર – કયા વાક્ય ઉપર અમે પ્રવચન દરમ્યાન ભાર મૂક્યો તેનો ખ્યાલ ના હોય તેથી વાંચવાની અસર સમાગમમાં બેસીને સાંભળવા કરતાં ઘણી ઓછી થાય.

"તો, સમાગમથી જે કાંઈ મળે છે તે કેવું હોય છે ? અતિ અઘરું હોવા છતાં આપણા હૃદયમાં ચોંટી જાય છે કારણકે એ એમના પ્રાણથી લપેટાઈને આવતું હોય છે. ગુરુ-સંતોની એ વાણી પ્રાણમય હોય છે તેથી પ્રાણમય વાણીની અસર આપણા ઉપર સફળ રીતે થાય છે. તેથી કહ્યું કે, ગુરૂકે ઉપદેશ–સમાગમસે... પછી સાધના કે યોગ કરે કે ના કરે. એણે તો ગુરુના ઉપદેશ અને સમાગમથી પોતાના ઘટમાં (હૃદયમાં) જ બ્રહ્માનંદના સ્વરૂપને જાણી લીધું અને મનુષ્ય અવતાર સાર્થક કરી લીધો. અસ્તુ."

## ત્યાગીને ભોગવ

"યુધિષ્ઠિરને ગંધર્વે પૂછ્યું કે જગતમાં મોટામાં મોટું આશ્ચર્ય કયું ? યુધિષ્ઠિર ! નામ જ કેવું છે ! તેનો અર્થ છે, 'યુદ્ધમાં જે સ્થિર છે તે.' આ જીવન જે તે યુદ્ધ છે અને એ યુદ્ધમાં સ્થિર રહેવાનું છે. અને યુદ્ધમાં સ્થિર રહી શકીએ એટલા માટે જ ગુરુ-સંતોને સેવવાના છે. ગીતા, એ આખે આખી ગીતા શું છે ? એ એક યુદ્ધ છે અને એમાં અર્જુને કેવી રીતે સ્થિર રહેવું ? પાંચ ભાઈઓ, આખું કુટુંબ, અનેક પૌત્રો, મિત્રો, મામા, કાકા ઈત્યાદિના ભાઈઓ, પિતરાઈઓ વગેરના સંપર્કમાં આવવું, જાત-જાતના કડવા-મીઠા અનુભવોમાંથી પસાર થવું અને છતાંય જળકમળવત્ રહેવું. આ ઉપદેશ અર્જુનને મળે છે અને એનું નામ જ ગીતા. 'ગીતા' શબ્દને ઉલટાવી નાખીએ તો તાગી–ત્યાગી–ત્યાગ. તેન ત્યક્તેન ભુંજીથા – તેને ત્યાગીને ભોગવ. ત્યાગીને ભોગવ એટલે કે આપણે ત્યાગીએ અને ફળસ્વરૂપ અનંત ગણું આપણને મળે અને તેને ભોગવીએ એમ અર્થ નથી. આ જગ્યાએ ત્યાગીને ભોગવ એટલે કે, ત્યાગ કરતી વખતે જ તને એ ત્યાગનો જે આનંદ આવે એને ભોગવ. તેં જે કાંઇ ત્યાગ કર્યો છે તેમાંથી અનંત ગણું થઈને તને પાછું મળે અને એને તું ભોગવ, એનો તું આનંદ લે એ તો ઘણી લાંબી વાત થઈ. 'અનંત ગણું ભોગવવું છે' ફક્ત એ જ સમજણ સાથે ત્યાગ કરીએ તો તો તેના આનંદરૂપી ફળની પ્રાપ્તિમાં ઘણી વાર લાગે; અને એ કાંઈ નક્કી નહીં, મળેય ખરું અને નાય મળે. પરંતુ આપણે એ સમજણ સાથે ત્યાગ કરીએ કે ત્યાગવામાં જ આનંદ છે, ભોગવવામાં નહીં; તો આપણને ત્યાગતી વખતે જ આનંદની પ્રાપ્તિ થાય, ભલેને પછી તેનું અનંત ગણું ફળ ભોગવવા મળે કે ન મળે. 'ત્યાગ કરવામાં જ આનંદ છે અને આનંદને જ ભોગવવાનો છે' એ ઘણી ઊંચી સમજણ છે, સાચી સમજણ છે. ત્યાગ કરતી વખતે, બલિદાન દેતી વખતે, સેવા કરતી વખતે જો એ ત્યાગનો જ, એ બલિદાનનો જ, એ સેવાનો જ આપણને આનંદ મળે તો એનું નામ ત્યાગીને ભોગવ, ત્યાગને જ ભોગવ.

'યુધિષ્ઠિરની વાત ચાલતી હતી. યુધિષ્ઠિરને ગંધર્વે પૂછ્યું કે જગતમાં મોટામાં મોટું આશ્ચર્ય કયું ? તો યુધિષ્ઠિરે ગંધર્વને ઉત્તર આપ્યો : 'સૌ મરે છે,

આપણી આસપાસમાં અવારનવાર સૌને મરતા જોઈએ છીએ અને છતાં પણ આપણે એમ જ માનીએ છીએ કે મારે મરવાનું નથી.' બધાં જ મરે છે – આપણા દાદા–દાદી, કાકા–કાકી, મામા–મામી, માતા–પિતા, મિત્રો–દુશ્મનો ઇત્યાદિ ઇત્યાદિ ઇત્યાદિ અને છતાંય આપણને એની અસર નથી થતી અને આપણે એમ માનીએ છીએ કે આપણે મરવાનું નથી; બધા ભલે મરે પણ આપણે મરવાનું નથી, એ મોટામાં મોટું આશ્ચર્ય છે. અસ્તુ.

"એક રાજા ભોગ ભોગવતા ભોગવતા વૃદ્ધ થઇ ગયા અને એમની વાસનાઓ અધૂરી રહી ગઇ. કોઇ અનુભવીએ કાયાકલ્પ કરાવીને એમને ફરી જુવાન કર્યા. જુવાન થયા પછી એમણે ફરીને ખૂબ ભોગ ભોગવ્યા – ખૂબ ભોગ ભોગવ્યા અને ભોગ ભોગવી ભોગવીને એના નિચોડરૂપે એમની વાણી નીકળી કે, 'જેમ અગ્નિમાં ઘીની આહુતિ આપવાથી અગ્નિની વૃદ્ધિ થાય છે તેમ ઇન્દ્રિયોને ભોગ આપવાથી ઈન્દ્રિયો તૃપ્ત નથી થતી; એ વધુ ને વધુ ભોગ માગ્યા જ કરે છે.' અગ્નિને શાંત કરવો હોય તો એમાં પાણી રેડવું જોઇએ, ઘી નહીં. તેવી જ રીતે આપણે શાંતિની પ્રાપ્તિ કરવી હોય તો ઇન્દ્રિયોરૂપી અગ્નિમાં ત્યાગરૂપી પાણીની છાલકો મારવી જોઈએ; નહીં કે ભોગરૂપી ઘૃતની, ભર્તૃહરીએ પણ પોતાના અનુભવના નિચોડરૂપે કહી દીધું કે મને એમ હતું કે, મેં ભોગ ભોગવ્યા; પણ હવે મને ખબર પડી કે ભોગે મને ભોગવી નાખ્યો; આટલાં વર્ષોનું મેં કાળનિર્ગમન કર્યું પણ હવે ખબર પડી કે કાળે મને નિર્ગમન કરી નાખ્યો !

## આપણું ધાર્યું નથી થતું તે શેની સાબિતી છે ?

"આપણે સંસાર–વહેવારમાં રહેવાનું છે. સંસારમાં સરસો રહે. એનું મન મારી પાસ; શ્રીકૃષ્ણ અર્જુનને કહે, હું તેને સમજું મારો દાસ. કૃષ્ણનો–ભગવાનનો ભક્ત કોણ છે ? જે સંસારમાં સરસો રહે એટલે કે સંસાર–વહેવારને પણ બરાબર ચલાવે – કાયર થઈને સંસારથી ભાગે નહીં, પરંતુ સંસારને પોતાનો ન માને. ભગવાન કહે છે કે એ સંસાર તો મારો છે, એ જગત તો મારું છે. એમાં તમે, જેમ બગીચામાં એક માળી કામ કરતો હોય તે પ્રમાણે કામ કરો; જેમ મિલમાં કારીગરો કામ કરતા હોય એ રીતે કામ કરો. મિલમાં મોટો નફો થાય તોય કારીગરને એથી હર્ષ નથી થતો, કે મિલમાં મોટું નુકસાન થઈ જાય તો એથી એને શોક નથી થતો. કારણકે એને તો એની ડ્યુટી કરવાની છે અને બદલામાં દર મહિને જે કાંઇ મળે છે તે તેને મળવાનું છે. એ મિલને 'મારી' નથી માનતો. એ મિલનો નોકર છે. એવી રીતે આપણા કુટુંબ–પરિવાર પ્રત્યેની ફરજ બરાબર અદા કરીએ, ફરજ બજાવવામાં જરાય કાયરતા કે પ્રમાદ ન કરીએ પણ મોહ–મમતા રહિત થઈને ફરજ બજાવવાનો પ્રયત્ન કરીએ. એમ વિચારીએ કે ભગવાને ફરજ બજાવવા મને અહીં રાખ્યો છે, મારું શું છે ? આ શરીર પણ મારું નથી. એક વેંતનું મારું શરીર હતું તેમાંથી મોટા થઇ વૃદ્ધ થઇ જવાનું છે. હું ગમે એટલી ધારણાઓ અને કલ્પનાઓ કરીશ તોય મારું ધાર્યું થવાનું નથી. મેં આમ ધાર્યું હોય છે ને આમ થઈ જાય છે – આમ ધાર્યું હોય છે ને થઇ જાય છે કાંઇ બીજું જ.

"સવારથી સાંજ સુધીમાં ધારેલાં કર્મો કેટલાં થાય છે ? કેટલાંક થાય છે અને કેટલાંય નથી થતાં. તો, ધારેલાં કાર્યો નથી થતાં એ શેની સાબિતી છે ? કે એવી કોઇ એક સત્તા છે જે આપણું ધાર્યું નથી થવા દેતી. એ સત્તાને આપણે પરમાત્મા કહીએ, બીજા કોઈ એને બીજું કાંઇ કહે. એને જે કહીએ તે પરંતુ એવી એ સત્તા છે કે જે આપણું ધારેલું નથી થવા દેતી. નહીં તો સવારથી સાંજ સુધી રોજે રોજ જે કાંઇ નક્કી કર્યું હોય તે થાય નહીં ! અમુક અમુક થાય અને અમુક અમુક નથી થતું. આમ કેમ બને છે ? કારણ કે આપણું ધાર્યું ન થવા દે એવી કોઇ જોરદાર સત્તા છે. એને તમારે જે નામ આપવું હોય તે આપો. આમ (કેરી) ખાવાથી કામ છે, ગુઠલી

આપણી આસપાસમાં અવારનવાર સૌને મરતા જોઈએ છીએ અને છતાં પણ આપણે એમ જ માનીએ છીએ કે મારે મરવાનું નથી.' બધાં જ મરે છે – આપણા દાદા–દાદી, કાકા–કાકી, મામા–મામી, માતા–પિતા, મિત્રો–દુશ્મનો ઇત્યાદિ ઇત્યાદિ ઇત્યાદિ અને છતાંય આપણને એની અસર નથી થતી અને આપણે એમ માનીએ છીએ કે આપણે મરવાનું નથી; બધા ભલે મરે પણ આપણે મરવાનું નથી, એ મોટામાં મોટું આશ્ચર્ય છે. અસ્તુ.

"એક રાજા ભોગ ભોગવતા ભોગવતા વૃદ્ધ થઇ ગયા અને એમની વાસનાઓ અધૂરી રહી ગઇ. કોઇ અનુભવીએ કાયાકલ્પ કરાવીને એમને ફરી જુવાન કર્યા. જુવાન થયા પછી એમણે ફરીને ખૂબ ભોગ ભોગવ્યા – ખૂબ ભોગ ભોગવ્યા અને ભોગ ભોગવી ભોગવીને એના નિચોડરૂપે એમની વાણી નીકળી કે, 'જેમ અગ્નિમાં ઘીની આહુતિ આપવાથી અગ્નિની વૃદ્ધિ થાય છે તેમ ઇન્દ્રિયોને ભોગ આપવાથી ઈન્દ્રિયો તૃપ્ત નથી થતી; એ વધુ ને વધુ ભોગ માગ્યા જ કરે છે.' અગ્નિને શાંત કરવો હોય તો એમાં પાણી રેડવું જોઇએ, ઘી નહીં. તેવી જ રીતે આપણે શાંતિની પ્રાપ્તિ કરવી હોય તો ઇન્દ્રિયોરૂપી અગ્નિમાં ત્યાગરૂપી પાણીની છાલકો મારવી જોઈએ; નહીં કે ભોગરૂપી ઘૃતની, ભર્તૃહરીએ પણ પોતાના અનુભવના નિચોડરૂપે કહી દીધું કે મને એમ હતું કે, મેં ભોગ ભોગવ્યા; પણ હવે મને ખબર પડી કે ભોગે મને ભોગવી નાખ્યો; આટલાં વર્ષોનું મેં કાળનિર્ગમન કર્યું પણ હવે ખબર પડી કે કાળે મને નિર્ગમન કરી નાખ્યો !

## આપણું ધાર્યું નથી થતું
## તે શેની સાબિતી છે ?

"આપણે સંસાર–વહેવારમાં રહેવાનું છે. સંસારમાં સરસો રહે, એનું મન મારી પાસ; શ્રીકૃષ્ણ અર્જુનને કહે, હું તેને સમજું મારો દાસ. કૃષ્ણનો–ભગવાનનો ભક્ત કોણ છે ? જે સંસારમાં સરસો રહે એટલે કે સંસાર–વહેવારને પણ બરાબર ચલાવે – કાયર થઈને સંસારથી ભાગે નહીં, પરંતુ સંસારને પોતાનો ન માને. ભગવાન કહે છે કે એ સંસાર તો મારો છે, એ જગત તો મારું છે. એમાં તમે, જેમ બગીચામાં એક માળી કામ કરતો હોય તે પ્રમાણે કામ કરો; જેમ મિલમાં કારીગરો કામ કરતા હોય એ રીતે કામ કરો. મિલમાં મોટો નફો થાય તોય કારીગરને એથી હર્ષ નથી થતો, કે મિલમાં મોટું નુકસાન થઈ જાય તો એથી એને શોક નથી થતો. કારણકે એને તો એની ડ્યુટી કરવાની છે અને બદલામાં દર મહિને જે કાંઇ મળે છે તે તેને મળવાનું છે. એ મિલને 'મારી' નથી માનતો. એ મિલનો નોકર છે. એવી રીતે આપણા કુટુંબ–પરિવાર પ્રત્યેની ફરજ બરાબર અદા કરીએ, ફરજ બજાવવામાં જરાય કાયરતા કે પ્રમાદ ન કરીએ પણ મોહ–મમતા રહિત થઈને ફરજ બજાવવાનો પ્રયત્ન કરીએ. એમ વિચારીએ કે ભગવાને ફરજ બજાવવા મને અહીં રાખ્યો છે, મારું શું છે ? આ શરીર પણ મારું નથી. એક વેંતનું મારું શરીર હતું તેમાંથી મોટા થઇ વૃદ્ધ થઇ જવાનું છે. હું ગમે એટલી ધારણાઓ અને કલ્પનાઓ કરીશ તોય મારું ધાર્યું થવાનું નથી. મેં આમ ધાર્યું હોય છે ને આમ થઈ જાય છે – આમ ધાર્યું હોય છે ને થઇ જાય છે કાંઇ બીજું જ.

"સવારથી સાંજ સુધીમાં ધારેલાં કર્મો કેટલાં થાય છે ? કેટલાંક થાય છે અને કેટલાંય નથી થતાં. તો, ધારેલાં કાર્યો નથી થતાં એ શેની સાબિતી છે ? કે એવી કોઇ એક સત્તા છે જે આપણું ધાર્યું નથી થવા દેતી. એ સત્તાને આપણે પરમાત્મા કહીએ, બીજા કોઈ એને બીજું કાંઇ કહે. એને જે કહીએ તે પરંતુ એવી એ સત્તા છે કે જે આપણું ધારેલું નથી થવા દેતી. નહીં તો સવારથી સાંજ સુધી રોજે રોજ જે કાંઇ નક્કી કર્યું હોય તે થાય નહીં ! અમુક અમુક થાય અને અમુક અમુક નથી થતું. આમ કેમ બને છે ? કારણ કે આપણું ધાર્યું ન થવા દે એવી કોઇ જોરદાર સત્તા છે. એને તમારે જે નામ આપવું હોય તે આપો. આમ (કેરી) ખાવાથી કામ છે, ગુઠલી

ગણવાથી નહીં; રોટલાથી કામ છે, ટપાકાથી નહીં; આટલું સમજવાથી કામ છે કે આપણા કરતાં કોઇ વધુ શક્તિશાળી છે, તેનું નામ જે આપવું હોય તે આપો. અસ્તુ.

"તો, આજે આપણે સુંદર કાર્યક્રમ કર્યો. પહેલા તો સૌએ પ્રેમપૂર્વક સ્વાધ્યાય કર્યો. સ્વાધ્યાય બાદ સ્વાધ્યાય–સત્સંગનો મહિમા સમજ્યા. ત્યાર બાદ ગુરુ–સંતસમાગમની મહત્તા વિષે સમજ્યા. હવે શ્રી બ્રહ્માનંદજીનાં એક–બે ભજનો બોલીશું."

આટલું કહી પૂજ્યશ્રીએ જાતે બ્રહ્માનંદજીનાં ભજનો ગવડાવ્યાં. ભજનો બાદ પ્રસાદનો સમય થઇ ગયો હોવાથી સૌએ પ્રસાદ લીધો. પ્રસાદ બાદ સૌ એકબીજાને 'જય નારાયણ' કહી વિખરાવા લાગ્યા.

આ દરમ્યાન શ્રી પ્રભુદાસભાઇ કોઠારી નામના એ
ભાઈ પૂજ્યશ્રીને નારાયણ કરવા આવ્યા. ઘણા સમ
સુધી પૂજ્યશ્રીના ચરણોને માથું અડાડી બેસી રહ્
ત્યાર બાદ પૂજ્યશ્રીએ તેમની તબિયતના સમાચ
પૂછયા. તેમની તબિયત ઘણી નરમ રહેતી હતી પર
તેમના જણાવ્યા પ્રમાણે થોડા સમય પહેલાં તેમ
પૂજ્યશ્રીનાં દર્શન કરી સત્સંગ–પ્રવચનનો લા
લીધેલો. તે દિવસે તેઓ ઘેર ગયા ત્યારે તેમને દિ
શાંતિનો અનુભવ થયેલો, મગજ ઉપરથી ઘણો બો
ઊતરી ગયેલો અને નિરાંતે ઊંઘ આવી ગયેલી. આ
બધી વાત મારી હાજરીમાં જ તેમણે પૂજ્યશ્રી
જણાવી અને વધુમાં જણાવ્યું કે આજે પણ તેમ
ખૂબ આનંદ આવ્યો અને થોડા દિવસોનો ડોઝ મળ
ગયો. આટલું કહી તેઓ વિદાય થયા.

(ટાઈટલ પેજ નં. ૨નું ચાલુ)

## જે ઊભા હોય તે જ સમાજને બેઠો કરી શકે

સમાજને સાચા અર્થમાં બેઠો કરવાની પ્રક્રિયામાં ઓમપરિવારના મુદ્રાલેખ 'લઘુ; ગુરુ બનીને જ રહેશે' નો શ્રી મનુભાઇએ વિશેષ ઉલ્લેખ કર્યો હતો. તેમણે 'મારે સમાજને બેઠો કરવો છે' પુસ્તિકામાં રજૂ થયેલી પૂજ્યશ્રીની વિચારધારાને સ્વામી વિવેકાનંદના ઉત્તિષ્ઠત જાગૃત પ્રાપ્ય વરાન્નિબોધત (અર્થ: ઊઠો, મોહરૂપી સ્વપ્નમાંથી જાગો અને કોઈ આત્મલક્ષી અનુભવીનું માર્ગદર્શન મેળવી લક્ષસિદ્ધિ કરો) ની હાકલ સાથે સરખાવી હતી.

["મારે સમાજને બેઠો કરવો છે" નામની પુસ્તિકાની કિંમત રૂા. ૭–૦૦ છે. આ સામયિકના પ્રકાશકના સરનામે પત્રવ્યવહાર કરી આપ તે મંગાવી શકો છો]

જે સભ્યોનું રહેઠાણનું સ્થળ બદલાયું હોય તેમણે તેમનું નવું સરનામું પત્ર દ્વારા લખી મોકલવું જેથી વ્યવસ્થાપકોને અંક પોસ્ટ કરવામાં સરળતા રહે.

પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી સાથેનાં સંસ્મરણો તથા પ્રેરક પ્રસંગો આવકાર્ય છે.—તંત્રી.

# ....આટલી બુદ્ધિ નથી આપણામાં ! ?

## (રામનવમી નિમિત્તે થયેલ કાર્યક્રમનો અહેવાલ)

સંકલન : શશીકાંત પટેલ

પરમગુરુનિષ્ઠ અનસોયાબેનની ઘણા સમયથી સ્વાધ્યાય–સત્સંગ રાખવાની અને એ નિમિત્તે પૂજ્ય ગુરુદેવ શ્રી યોગભિક્ષુજીની પધરામણી કરાવવાની ઇચ્છા હતી. તા. ૭–૪–૮૭ના રોજ રામનવમીને દિવસે કોઈ કાર્યક્રમ ગોઠવાયો નહોતો તેથી આગલા દિવસે પૂજ્યશ્રીએ મને કહ્યું કે ઈસનપુર મુકામે રહેતાં મોટાંબેનને (અનસોયાબેનને) જો અનુકૂળ હોય તો કાલે તેમને ઘેર સ્વાધ્યાય–સત્સંગનો કાર્યક્રમ રાખીએ. મારે પૂછવા જવાનો તો સવાલ જ નહોતો, ફક્ત કહેવા જ જવાનું હતું જેથી તેઓ કાલ માટેની વ્યવસ્થા કરી શકે.

તા. ૭–૪–૮૭ને રામનવમીના દિવસે સાંજે લગભગ સાડા છ વાગ્યે પૂજ્યશ્રી અનસોયાબેનના ઘેર આવી ગયા. નિયત સમયે સ્વાધ્યાય શરૂ થયો. સ્વાધ્યાય બાદ પૂજ્યશ્રીએ પ્રવચનની શરૂઆત કરી –

"સ્વાધ્યાયનું ગઈ કાલે જ નક્કી થયું. સમય ઓછો પડ્યો. બધાને સમાચાર ન આપી શકાયા છતાં પણ ઘણા બધા પ્રેમીઓ ઉપસ્થિત છે. આપણે આટલી ઝડપથી કાર્યક્રમ કેમ ગોઠવ્યો ? કારણ કે આજે રામનવમી હતી. આપણે તો જ્યારે પણ સ્વાધ્યાય–સત્સંગ થાય એ જ રામનવમી, એ જ હનુમાનજયંતી એમ માનવાવાળા. પરંતુ સામાજિક, વ્યવહારિક દૃષ્ટિએ જે ઉત્તમ મનાતું હોય તેનો પણ જો એમાં સમાવેશ થતો હોય તો ચૂકીએ નહીં, લઈ લઈએ. મોટાંબેનનો ઘણા સમયનો આગ્રહ હતો, ઘણા સમયનું વચન આપેલું હતું પણ મેળ પડતો નહોતો. કાયમ રામનવમીએ રાત્રે નારણપુરામાં આ કાર્યક્રમ હોય જ. પણ કોઈ કારણસર આ વખતે ત્યાં નથી થયો એ વાત ગઈકાલે અમારા મગજમાં આવી અને નૈષધભાઈને કહ્યું કે ભાઈ, તમે ત્યાં જઈને પૂછી આવો. જો એમની ઈચ્છા અને અનુકૂળતા હોય તો આપણે કાર્યક્રમ રાખી દઈએ. વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા માટે એ સૌ તૈયાર જ બેઠા'તા. આવો મોકો મળે એને આપણે અનુકૂળ થઈ જવું જોઇએ, મોકો આપણને અનુકૂળ ના થાય. સત્કર્મનો મોકો આપણને અનુકૂળ ન થાય, આપણે એને અનુકૂળ થઇ જવું જોઈએ, એ તક આપણે ઊભી કરવી જોઇએ. આવી તકને જવા જ કેમ દેવાય ? આવી સમજણ મોટાંબેનમાં હતી તેથી આજે રામનવમીના દિવસે આ કાર્યક્રમ થઈ રહ્યો છે.

### વચન છે એ પણ પ્રાણ જ છે

"રામનવમી. રામાયણ; મહાકાવ્ય કહેવાય. સમાજને સુખી થવા માટે જે જે મર્યાદાઓના પાલનની આવશ્યકતા ગણાય એ બધીનું રામાયણમાં વર્ણન; એ બધી મર્યાદાઓનું વિશદ પ્રકારે અને પ્રમાણે વર્ણન થયેલું મહાકાવ્ય એટલે રામાયણ. શ્રી રામને મર્યાદા–પુરુષોત્તમ કહેવામાં આવે છે. મર્યાદા–પુરુષ–ઉત્તમ; જેઓ મર્યાદાને પાળવામાં, વધુમાં વધુ મર્યાદાઓનું પાલન કરવામાં ઉત્તમ છે એવા પુરુષ. અને આપણે જોઈએ છીએ કે રઘુકુળમાં –

રઘુકુલ રીતિ સદા ચલી આઈ,
પ્રાણ જાય અરુ વચન ન જાઈ.

"વચનની કેટલી મોટી કિમત ! પ્રાણથી પણ વધુ વચનની કિમત ! ખરેખર વચન એ પ્રાણથી કોઈ જુદી વસ્તુ નથી. આપણે જે કાંઈ બોલીએ છીએ એ આપણો પ્રાણ જ છે. એ સૂક્ષ્મ પ્રાણ છે. વાણીના ચાર પ્રકાર : પરા, પશ્યન્તિ, મધ્યમા અને વૈખરી. અતિ સૂક્ષ્મ પ્રાણ જ્યારે થોડું સ્થૂળ સ્વરૂપ ગ્રહણ કરે છે ત્યારે પરા, પરા થોડી સ્થૂળમાં આવે છે ત્યારે પશ્યન્તિ, પશ્યન્તિ થોડી વધુ સ્થૂળ થાય છે ત્યારે મધ્યમા અને મધ્યમા વધુ સ્થૂળ થાય છે ત્યારે વૈખરી, વિખરાયેલી, વિખરાઈ ગયેલી. મુખદ્વારથી શબ્દો અને અક્ષરોના સ્વરૂપે જે બહાર વિખરાઈ જાય તે વૈખરી

વાણી. તો, વાણી એ પ્રાણ જ છે. પ્રાણ જાય અરૂ વચન ન જાઈ. વચન છે એ પણ પ્રાણ જ છે. આપણું વચન ખોટું કેમ થાય !

"બધી જ મર્યાદાઓ રઘુકુળમાં જોવા મળે છે. ભાઈ–ભાઈની શું ફરજ છે, શું કર્તવ્ય છે, શું ધર્મ છે ? દિયર–ભોજાઈની શું ફરજ છે ? સાસુ–વહુની શું ફરજ છે ? પિતા–પુત્રનો શું ધર્મ છે એનું વિશદ વર્ણન, એનું જીવંત વર્ણન રામાયણમાં છે. ધર્મોનું રક્ષણ કરવા, ગૌ–બ્રાહ્મણોનું રક્ષણ કરવા પોતાનાં તમામ સુખ, સગવડ અને સાહ્યબીને મૂકી દીધાં અને નીકળી પડ્યા રાક્ષસોનો સંહાર કરવા. રાક્ષસો એટલે ? એને માથે મોટાં બે શીંગડા ન હોય પણ જે ધર્મ પ્રમાણે ન ચાલે એ રાક્ષસ કહેવાય. તો એ રાક્ષસોને ધર્મ પ્રમાણે ચલાવવા માટે પોતે પોતાનાં સુખસગવડ મૂકી દીધાં. સુખસગવડ મૂકી જ દેવાં પડે. સમજદાર હોય એ સૌ જાણે છે કે જે અધાર્મિક વ્યક્તિઓ છે એને ધર્મમાં ચલાવવાનો પ્રયત્ન કરીશું ત્યારે એ કાંઈ સખણા રહેવાના ? એ બધી જ રીતે આપણને પરેશાન કરવાના. અને પરેશાન થવા માટે તૈયાર છીએ, આખા કુટુંબનો નાશ થઈ જાય તો એના માટેય તૈયાર છીએ, તમામ પ્રકારનાં સુખ-સગવડનો નાશ થઈ જાય તો એના માટેય તૈયાર છીએ; એવી તૈયારી કરીને જે જાય એ જ આ કામ હાથ પર લઈ શકે. એમાં સફળતા કે નિષ્ફળતા એ વસ્તુ જુદી.

## ...તો પછી ક્યાંથી સુખી થવાય ?

"આપણે વાતે વાતે ખોટું બોલીએ છીએ. પછી ભલેને રોજે રોજ રામાયણનો પાઠ કરતા હોઈએ કે ગીતાને આખી ને આખી ગોખીને કંઠસ્થ કરી નાખી હોય પણ એ બધું સ્થૂળ, તાત્ત્વિક સમજ બિલકુલ નહીં, આચરણ લવલેશ નહીં.

"રામે બીજાના સુખ માટે પોતાનું સુખ છોડી દીધું; આપણે બીજાના સુખ માટે શું છોડીએ છીએ ? અરે ! આપણા ઘરની અંદર નાનાં નાનાં જીવજંતુઓ આવે છે – વાંદા, ઉંદર ઈત્યાદિ – એ આપણને હેરાન કરી કરીને કેટલું કરવાનાં ? એ આપણું ખાઈ ખાઈને કેટલું ખાઈ જવાનાં ? એ આપણને નુકસાન પહોંચાડી પહોંચાડીને કેટલું પહોંચાડવાનાં ? છતાં એમનો નાશ કરી નાખીએ છીએ. ત્યાં શૂરા છીએ આપણે. એ નાના નાના જીવોનો નાશ કરવા માટે આપણે શૂરવીર છીએ કેમકે એ બિચારા કાંઈ પ્રતિકાર નથી કરતા. ત્યારે રામ ! રાક્ષસોની સામે ગયા; નાનાં જીવજંતુની કનડગત એમને ના લાગી, અને અત્યારે આપણી બુદ્ધિ, આપણું વિજ્ઞાન, એ બધું બસ કેવળ એની પાછળ જ લાગી ગયેલું છે. એ એમ સમજે છે કે એનો સર્વનાશ કરી નાખીએ એટલે આપણે સુખી થઈ જવાના છીએ. અરે, એ તમામ દુનિયા પરમાત્માની છે. એનો નાશ કરશો તો તમારી દુનિયાનો નાશ નહીં થાય ? જેમ તમે એના છો એમ એ પણ એનાં જ છે. આ વાત નથી સમજાતી. ભણતર ખૂબ આગળ વધી ગયું, ગણતરનો નાશ થઈ ગયો. ભણતરથી આ વાત ના સમજાણી, ડિગ્રીઓ લીધી એથી આ વાત લુપ્ત થઈ ગઈ કે તમે જે નાના નાના જીવોનો નાશ કરો છો એમના પરમપિતા પણ એ જ છે.

"આપણાં ચાર બાળકો હોય અને એમાંનું એક બાળક બીજા બાળકને સતાવતું હોય ત્યારે આપણે ચૂપ રહીએ છીએ ? ના, જરૂર પડે તો પેલા બાળકને ફટકારીએ છીએ. જો આપણે મનુષ્યપિતા આટલી કાળજી રાખીએ છીએ તો વિશ્વપિતા એ કાળજી નહીં રાખતા હોય ! પણ આપણા મગજમાં આ વાત ઊતરતી નથી, એટલા બધા જડ છીએ આપણે. રોજ કહેવાવાળો કહે, રોજ કહેવાવાળો કહે તોય આપણા મગજમાં એ વાત નથી ઊતરતી. અને રામાયણ રોજ વાંચીએ, ગીતા રોજ વાંચીએ, પૂજા રોજ કરીએ, પાઠ રોજ કરીએ, અનુષ્ઠાન રોજ કરીએ પણ સમજવાનું ન સમજીએ તો ક્યાંથી સુખી થઈએ ?

"સુખી થવાના સહેલામાં સહેલા જે ઉપાયો અજમાવી શકીએ છીએ એ આપણે અજમાવતા નથી. આ નાનાં જીવજંતુનો તો ફક્ત દાખલો આપ્યો. એ

પ્રમાણે કેટલું બધું આપણે આપણી મેળે સમજીને કરી શકીએ એમ છીએ ? એ બધું નથી કરતા અને આપણે સુખી થવું છે ! હું મારા હાથે જ મારા ગાલ ઉપર થપ્પડો મારતો રહું અને બૂમો મારતો રહું કે મને છોડાવો, મને છોડાવો. ભાઇ ! પણ તું તારા હાથે જ થપ્પડો મારે છે તેને બંધ કર ને. ના એ તો બંધ નહીં કરું અને મને છોડાવો ! અસંભવ, અશક્ય.

"રામના કુટુંબમાં – દશરથના કુટુંબમાં આપણે જોઇએ છીએ કે કેવી મર્યાદાથી એ આખું કુટુંબ એક વચન માટે પ્રાણ આપી દેવા તૈયાર થઈ જાય છે. પોતાના ભાઈને વનવાસ મળ્યો એ સાંભળીને પોતાના ભાઈ તરફથી મળેલી ગાદીનો ભરત ત્યાગ કરી દે છે. લક્ષ્મણ પોતાનું સર્વસ્વ છોડીને મોટાભાઈ અને ભાભીની સાથે ચાલી નીકળે છે જંગલમાં. જંગલમાં શું સુખ હતું ? અસ્તુ.

## આર્યસંસ્કૃતિનું એ ચિરંજીવપણું છે.

"બીજી એક સુંદર વાત; કે રામને સીતાજીનાં ઘરેણાં ઓળખવા લક્ષ્મણને કેમ આપવાં પડ્યાં ? રાવણ જ્યારે સીતાજીનું હરણ કરી જાય છે ત્યારે સીતાજી પોતાનાં ઘરેણાં કાઢીને નીચે ફેંકે છે. એ ઘરેણાં સુગ્રીવના હાથમાં આવે છે. એ ઘરેણાં સુગ્રીવ રાખી મૂકે છે. જ્યારે રામ અને લક્ષ્મણ સીતાજીને શોધતા શોધતા ત્યાં જાય છે અને સુગ્રીવને પૂછે છે ત્યારે સુગ્રીવ કહે છે કે, 'અમને ખબર છે નહીં પણ આકાશ માર્ગે એક રાક્ષસ સ્ત્રીનું હરણ કરી જતો'તો ત્યારે સ્ત્રી બૂમાબૂમ કરતી હતી અને તેણે ઉપરથી આ દાગીના નીચે ફેંક્યા હતા, એ અમારી પાસે છે.' આટલું કહીને સુગ્રીવે દાગીનાની પોટલી રામને આપી. ત્યારે રામ એ દાગીનાની પોટલી લક્ષ્મણને આપે છે અને દાગીના કોના છે એ જોવાનું કહે છે. લક્ષ્મણ એ ઘરેણાંને જુવે છે અને કહે છે કે, 'બીજા દાગીનાને તો હું નથી ઓળખતો પરંતુ પગનાં આ ઝાંઝરને ઓળખું છું, એ સીતામાતાનાં છે. કારણ કે હું રોજ મારાં ભાભીની ચરણચંપી કરતો'તો ત્યારે આ ઝાંઝર મેં જોયાં'તાં તેથી એને ઓળખું છું. સીતામાતાના બીજા દેહ ઉપર તો મારી નજર નહોતી પડતી તેથી મને બીજા એકેય દાગીનાની ખબર નથી.

"ઉપરોક્ત વાતથી આપણે બહુ આનંદ અનુભવીએ છીએ કે લક્ષ્મણ કેવા ! કેવી મર્યાદા એમની ! પણ એ વખતે એક વાત છુપાઇ જાય છે, કે રામને એ દાગીના, પોતાની ધર્મપત્નીના એ દાગીના લક્ષ્મણને ઓળખવા આપવાની જરૂર શા માટે પડી ? પોતે તો બિલકુલ નહોતા ઓળખતા ત્યારે ને ? પોતાની ધર્મપત્નીના દાગીના પોતે ન ઓળખતા હોય ! ના, કારણ કે શબ્દ કેવો છે ? ધર્મપત્ની; પત્ની નહીં. આપણી આર્યસંસ્કૃતિની એ કમાલ છે, એ ચમત્કાર છે, એ એનું ચિરંજીવપણું છે કે પત્ની માટે ધર્મ-પત્ની શબ્દ વાપર્યો. બસ ! એમાં બધું જ આવી જાય છે. 'ધર્મપત્ની' એટલું શીર્ષક રાખી એના ઉપર એક આખું પુસ્તક લખી શકાય એટલું એમાં છુપાવી દીધું.

"તો આવી તો જેમની મર્યાદા ! લક્ષ્મણ કહે છે કે હું તો મારાં ભાભીના પગ દબાવતો'તો. કહો, અત્યારે કોઈ દિયર પોતાનાં ભાભીની ચરણચંપી કરે ? એ હિંમત જ ન કરે. અને જો ચરણચંપી કરે તો એની કેવી વાતો થાય ! ? કોઈની બુદ્ધિનો સ્તર, કોઇનો નૈતિક સ્તર એવો ઊંચો હોય જ નહીં કે આ ચરણચંપીને સહન કરી શકે, કે આ ચરણચંપીને સવળા અર્થમાં લઈ શકે.

"રામ વિષે કહેવાતું – એક પત્ની, એક વચન, એક બાણ. આ 'એક પત્ની' સમજ્યા, 'એક વચન' સમજ્યા; એક બાણ ... એક બાણ શું ? મેં તો આજે ઘણો બધો વિચાર કર્યો પણ મારા મગજમાં તો આવ્યું જ નહીં કે આ એક બાણ એટલે શું ? તમારા કોઇના ખ્યાલમાં હોય તો કહી શકો છો કે આ એક બાણ એટલે શું ?

"એમ જ કહીએ કે એક જ બાણ લે અને જેના ઉપર લગાવે તેનો નાશ થઈ જ જાય, તો રાવણ સામે તો રામે ઘણું યુદ્ધ કર્યું, બાણ છોડવામાં

કાંઇ બાકી જ ના રાખી. 'એક બાણ' એટલે એમના ભાથામાં એક જ બાણ રાખતા'તા અને જે કામ માટે લગાવે એ કામ પતાવીને તે બાણ પાછું આવી જતું'તું એમ અહીંએ તો રામના જે ફોટાઓ જોઇએ છીએ એમાં તો બાણોથી ભાથા ભરેલા ને ભરેલા જ હોય છે. તો, 'એક બાણ'ની વાત ઉપર મેં તો ઘણો વિચાર કર્યો. અહીં કોઇ અનુભવી બેઠા હોય અને જાણતા હોય તો તેમની પાસેથી સમજીએ અને નહીં તો પછી આવતા સ્વાધ્યાયના કાર્યક્રમમાં કહીશું. અસ્તુ.

"તો આમ, શ્રી રામના જીવનમાં મર્યાદાઓનો તો કોઈ પાર નહોતો. એક પત્ની, એક વચન, એક બાણ; આ ત્રણ તો આપણે વર્ણન કરીએ છીએ, પંકાયેલી છે પણ એમનું તો આખું જીવન મર્યાદા-ઓથી ભરપૂર હતું. તો કમ સે કમ રામનવમીના દિવસે આપણે નવ મર્યાદાઓનું તો પાલન કરીએ. આજે રામનવમીના દિવસે સ્વાધ્યાય-સત્સંગ કરીએ અને એની સ્મૃતિમાં આપણા જીવનમાં કોઈ નવ મર્યાદાઓની તો પ્રતિજ્ઞા લઈએ. અને નવની ન લઇ શકાય તો એકની; કે આજથી મારા જીવનમાં આ મર્યાદાનું પાલન કરીશ એની પ્રતિજ્ઞા લઉં છું. તો આજનો એમનો સ્વાધ્યાય-સત્સંગનો દિવસ સફળ થયો કહેવાય.

## આટલી બુદ્ધિ નહીં આપણામાં !

"હરહંમેશ સાંભળવા કરીએ છીએ એ નકામું નથી જતું પણ એ જલદી કામ આપતું થાય તો એનો આનંદ કોઇ ઓર છે. સત્સંગ સાંભળવા જ કરીએ, ગુરુ-સંતોના ચરણોમાં બેસવા જ કરીએ, શાસ્ત્રો વાંચવા જ કરીએ તો એ બધું કાંઈ નકામું નથી જતું, વહેલા કે મોડા એનું ફળ મળે જ છે. જ્યારે પણ, જે કાંઇ પણ કાર્ય થાય છે ત્યારે આગળનું સત્કર્મ, આગળનો જે કાંઇ ગુરુ-સંતોનો આપણા માટેનો પ્રયત્ન વગેરે વગેરે કામ કરતું જ હોય છે પરંતુ એની તીવ્રતા થવી જોઈએ. એ ફળને આપણે કેમ વધુ ઝડપથી પ્રાપ્ત કરી લઇએ. નહીં તો, ઉંમરા તો ડુંગરા થયા ને પાધર થયા પરદેશ.' હજુ કાલ સવારની વાત; આ મુમુક્ષા જેવા આપણે ફરતા'તા રખડતા'તા, અત્યારે આ આવડા મોટા થઈ ગયા છીએ, આંખે ચશ્મા આવી ગયાં છે, માથાના વાળ ધોળા થઈ ગયા છે, મોઢામાં ચોકઠું આવી ગયું છે, સીડીનાં પગથિયાં ચડવાં હોય તોય તકલીફ પડે છે, આ પાછળ ટેકો ના હોય તો બેસી શકાતું નથી. જ્યારે મુક્કો મારીને પથ્થર તોડી નાખતા'તા એવી તાકાત હતી; અમે જ આ હાથથી (પૂજ્યશ્રી પોતાનો હાથ ઊંચો કરીને બતાવે છે) પથ્થરને તોડી નાખતા'તા અને અત્યારે ગાદી ન હોય તો બેસી શકતા નથી એવું આખું શરીર થઈ ગયું છે. 'ઉંબરા તો ડુંગરા થયા, પાધર થયા પરદેશ.' પહેલાં, ચિત્રકૂટમાં કોઈ યોગીરાજ આવ્યા છે, ગીરનારમાં કોઈ સંત આવ્યા છે, હિમાલયમાં કોઈ ચમત્કારી પુરુષ આવ્યા છે; ચાલો ત્યારે, આ ઊપડી જતા'તા. આખું વિશ્વ ખૂંદી નાખતા'તા. અને અત્યારે? 'નારણપુરામાં કોઇ આવ્યું છે.' હા, જવાની ઈચ્છા તો છે પણ સાયકલ ઉપર જઇ શકાશે નહીં. રિક્ષામાં? રિક્ષામાં તો બહુ હડદો લાગે છે. તો? ડૉક્ટર સાહેબ જો ગાડી લઈને આવે તો જઉં. એવી સ્થિતિ થઈ ગઈ.

"તો જ્યારે હામ, દામ અને ઠામ બધું જ બરાબર છે, શરીરમાં પૂરું જોમ છે એ વખતે મનુષ્ય-જન્મની સાર્થકતા કરી લઈએ. બાકી તો ખાયા, પિયા ઓર મૌજ કિયા. આપણે કંઈક કુટુંબ માટે કર્યું, કુટુંબે કંઈક આપણા માટે કર્યું, થોડાં મકાનો બનાવ્યાં, બાળબચ્ચાં પરણાવ્યાં, એનાં કામકાજ પતાવ્યાં; એ તો સૌ કોઈ કરી રહ્યું છે. કૂતરાં અને બિલાડાં, એ પણ એમનાં બાળકો માટે મથી રહ્યાં છે, ગમે તે રીતે, ગમે ત્યાંથી. એક કૂતરું પોતાના નવા જન્મેલા કુરકુરિયાને પોષણ આપવા માટે બીજા એક નવા જન્મેલા કુરકુરિયાને ઉપાડી લાવ્યું !

"આ અતિ વિચારવા જેવી બાબતો છે; આપણી નજર સમક્ષ જ બનતી આ બધી બીનાઓ, પણ એના ઉપર આપણે કાંઈ જ વિચારતા નથી, પેલા ભિખારીની જેમ. ભિખારી આખી જીંદગી ટેકરા ઉપર

બેસી પાંચિયા-દસિયાની ભીખ માંગતો રહ્યો અને એ ટેકરા નીચે તો અનર્ગળ લક્ષ્મી દટાયેલી હતી, પણ એને કદી એની પ્રેરણા-સ્ફુરણા થઈ જ નહીં. એ ભિખારી મરી ગયો પછી કોઈ શેઠે એ ટેકરો ખરીદ્યો અને મકાન બનાવવા માટે એ ટેકરાને ખોદ્યો તો એમાંથી અઢળક પૈસો નીકળ્યો. એમ આપણી આજુ-બાજુમાં જે કાંઈ બની રહ્યું છે એ પણ વિચારવાનો, અવલોકવાનો આપણી પાસે સમય નથી. આપણે મૃગજળ પાછળ કેવી દોટ મૂકી છે એ વિચારવાનો આપણને સમય નથી. અરે ! જાતે વિચારવાનો સમય નથી. પરંતુ એવું કોઈ કહેનારા આવે છે તો એમને સાંભળવાનો પણ આપણી પાસે સમય નથી. અરે ! સાંભળવા માટે આવીને બેઠા છીએ તો પણ આપણું મન બીજે ભટકી રહ્યું છે, આપણું શરીર જ અહીં હાજર છે. અને કદાચ અહીં હાજર રહીને સાંભળ્યું અને સમજ્યું તો પછી બીજે કે ત્રીજે દિવસે ભૂલી જઈએ છીએ, એનું પાલન કરવાની આપણને પડી નથી અને પછી જેમ નરકમાં સબડતા હોઈએ એમ સબડીએ છીએ; બચપણ, જુવાની, બુઢાપો, રોગ, જરા અને મૃત્યુ, એના પંજામાં.

"એક કૂતરું પોતાના કુરકુરિયાને પોષણ આપવા માટે બીજા એક કુરકુરિયાને મારી આવ્યું ! આપણે આપણા કુરકુરિયાને (સંતાનને) જિવાડવા માટે બીજાના કુરકુરિયાને (સંતાનને) મારી નાખીએ ! બસ એ જ કરવાનું હતું મનુષ્યે ?! એ કૂતરા કરતાં આપણી કેવી દયનીય સ્થિતિ ! આપણે કેટલા ઊંચા ! આટલી બુદ્ધિ નથી આપણામાં ?! કે આપણું કુરકુરિયું જીવતું રહે અને એનું કુરકુરિયું પણ દીર્ઘજીવી થાય. મનુષ્ય પાસે કુદરતને આટલી જ આશા ! કે પોતાના કુરકુરિયાને પોષવા બીજાનાને મારે ! જીવની-ચૈતન્યની સર્વોત્તમ કૃતિ એવો મનુષ્ય તેની પાસેથી કુદરતને આટલી જ આશા ! અરે ! અરવિંદ તો હજી અતિ-મનસની સાધના દ્વારા અતિમનસને નીચે ઉતારવા માંગે છે; અત્યારના મનુષ્યમાં છે એટલો જ નહીં પરંતુ તેના ચૈતન્યનો અતિ વિકાસ થયેલો હોય એવો મનુષ્ય સર્જવો છે; જ્યારે આપણે આ સ્થિતિમાં છીએ હજી ! આપણા બાળકને જિવાડવા માટે બીજા કેટલાયનાં બાળકોને મારી નાખીએ છીએ; ગમે ત્યાંથી લૂંટી-ઝૂંટી લાવી આપણી પત્નીને આપીએ છીએ, આપણાં મા-બાપને જિવાડીએ છીએ. શું થશે આપણું ?!

"તો આજે રામનવમી. આ દિવસે આપણે મનમાં કંઈક તો દૃઢ કરીએ, નક્કી કરીએ કે આ સ્વાધ્યાય-સત્સંગ સાર્થક થાય. એક વચન. એક વચનની વાત તો એક રામની જ નહીં પણ આખા રઘુકુળની. આપણી સાતમી પેઢીએ કોઈ એવો આદર્શ હોય એ આદર્શને આપણે ચિરંજીવ રાખી શક્યા છીએ ? આપણી ચોથી પેઢી, આપણી ત્રીજી પેઢી; અરે, આપણા પિતા જ એવા કોઈ સારા આદર્શમાં જીવ્યા હોય એ પ્રમાણે અત્યારે ચાલીએ છીએ ? આપણે શું કહીએ ? 'બાપના કૂવામાં બૂડી ના મરાય'; એમ કહીને એમાંથી નીકળી જઈએ છીએ. આપણા વડવાઓનો એવો કોઈ આદર્શ નિયમ હોય કે જે આપણી તમામ પેઢીઓ માટે એક બખ્તર સમાન હોય; પરંતુ આપણા નવા ભણતરના કારણે જે બુદ્ધિ પેદા થઇ છે એને આવી રીતે વાપરીએ છીએ કે 'બાપના કૂવામાં બૂડી ના મરાય, એ પ્રમાણે વર્તવા જઈએ તો ભૂખે મરી જઈએ.' એ ભૂખે ના મરી ગયા અને આપણે ભૂખે મરી જઈએ ! તો 'એક વચન' એ તો આખા રઘુકુળની રીત.

"રામાયણ વાંચનારા, કથા કરનારાઓ આ બધી વાત કદી આપણને કહે છે ? કોઈ નથી કહેતા. બસ, આટલી વખત પાઠ કરી જવાના, પતી ગયું. શું પ્રાપ્તિ ? કાંઈ પ્રાપ્ત ન થયું. રઘુકુલ રીત સદા ચલી આઇ. આખા રઘુકુળમાં એ પ્રથા ચાલી આવી. શું ? કે, પ્રાણ જાય પણ વચન ન જાવું જોઈએ. વચન કરતાં પ્રાણને સસ્તો કરી નાખવ:નો. એ વખતે એમ નહીં કહેવાનું કે બાપના કૂવામાં બૂડી મર્યા. એ સળંગ, તમામે તમામ એક પછી એક જે પેઢી આવતી ગઈ અને એક પછી એક જે સંતાનો થતાં ગયાં એ




क्लेश, कर्म, कर्मों के फल और वासनाओं से विमुक्त अैसा विशेष चेतन (वेही अेक मात्र) अीश्वर हैं। अीश्वर संपूर्ण सर्वज्ञ हैं। अीश्वर त्रिकालिन गुरुओं के भी गुरु हैं; काल से अुन का छेदन-भेदन नहीं हो सकता। अीश्वर का नाम प्रणव (ओम् = ॐ) है। ओम् का सार्थक जप करने से आत्मसाक्षात्कार होता है और अन्तरायों का अभाव हो जाता है।

From :-
ઓમગુરુ પ્રેમસમર્પણુ ધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ,
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રન્નાપાર્કની પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.

To,


**પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :**
**ઓમગુરુ પ્રેમસમર્પણુધ્યાનભિક્ષુ પરિવાર ટ્રસ્ટ**
૧૨૮, શ્રીકુંજ સોસાયટી, રન્નાપાર્કની પાછળ,
ઘાટલોડિયા રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૬૧.
(રજિ. નં. ઈ/૪૪૧૬ તા. ૧૧-૫-૮૧)
આઈ.ટી.ઈ.યુ. ૮૦-જી નં. એચ. ક્યુ. iii
૩૩-૪૩/૮૬-૮૭ માર્ચ ૧૯૮૯ સુધી



**આદ્યસંસ્થાપક તથા આધ્યાત્મિક વડા** : પ. પૂ. ગુરુદેવ શ્રી યોગભિક્ષુજી

**ચેરમેન** : શ્રી ભરતભાઈ દેસાઈ

**જનરલ સેક્રેટરી** : શ્રી વજુભાઈ પટેલ

**ખજાનચી** : શ્રી દેવચંદભાઈ વી. પટેલ

**આજીવન ટ્રસ્ટી** : ડૉ. સોમાભાઈ એ. પટેલ
શ્રી રોહિતભાઈ બી. સુખડિયા
શ્રી દામોદરભાઈ એ. પટેલ

**ટ્રસ્ટી** : શ્રી પંકજભાઈ શાહ
શ્રી નૈષધભાઈ વ્યાસ
શ્રી બિપિનભાઈ શાહ


**ટ્રસ્ટના ઉદ્દેશો :**

(૧) સર્વવ્યાપક પરમ સૂક્ષ્મ ચેતનતત્ત્વ કે જેનું નામ પ્રણવઃ (ઓમ-ૐ) છે તેની પ્રતીતિ બહુજનસમાજને કરાવવા પ્રયત્ન કરવો. (૨) 'યોગ'નો પ્રચાર, પ્રસાર અને સંશોધન કરવા પ્રયત્ન કરવો. (૩) સમાજનું નૈતિક ધોરણ ઊંચું લાવવા માટે આધ્યાત્મિક જ્ઞાનનો સાહિત્ય દ્વારા પ્રચાર અને પ્રસાર કરવાનો પ્રયત્ન કરવો. (૪) આ ઉપરાંત 'બહુજનહિતાય-બહુજનસુખાય' ને લગતાં કાર્યો જેવાં કે કેળવણી, તબીબી સારવાર વગેરે કરવા માટે પ્રયત્ન કરવો.

**વાચકમિત્રોને :**

'ૠતમ્ભરા'ને લગતો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવો.
શ્રી નૈષધભાઈ વ્યાસ
૩, ગંગાધર સોસાયટી, રામબાગ પાછળ, મણીનગર,
અમદાવાદ-૩૮૦ ૦૦૮.

---


**મુદ્રક** : ઉમા પ્રિન્ટર્સ
દરિયાપુર ચારરસ્તા, ટાવર પાસે, અમદાવાદ

**ટાઇટલ** : મોના આર્ટ પ્રિન્ટર્સ, ઓઢવ, અમદાવાદ.
ફોન : ૮૮૭૨૨૩

**મુખપૃષ્ઠ** : શ્રી કિશોરભાઈ મકવાણા